INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

અખબારી યાદી                                                    તા. ૧૦-૦૯-૨૦૨૨

- **પ્રજા વિરોધી ભાજપ સરકારના શાસનમાં જીવન-જરૂરીયાતની ચીજવસ્તુઓના ભાવ વધારાના વિરોધમાં ૧૦મી સપ્ટેમ્બરના રોજ બપોરે ૧૨વાગ્યા સુધીના રાજ્યવ્યાપી બંધમાં નાના-વેપાર, ધંધા, સ્વરોજગાર સહિતના વિવિધ વ્યાપારીઓએ જબરદસ્ત આપ્યું સમર્થન - ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરની અમદાવાદથી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવાની છોટા ઉદેપુરના ક્વાંટ ખાતેથી પોલીસે કરી અટકાયત. રાજ્યના શહેર - જીલ્લા - તાલુકા સહિત અનેક જગ્યાએથી કોંગ્રેસના કાર્યકરો - પદાધિકારીઓની મોટા પાયે થઈ અટકાયત.**
- **રાજ્યના ૩૩ જિલ્લા, ૮ મહાનગરો, ૨૪૯ તાલુકા, ૧૫૯ થી વધુ નગરપાલિકા વિસ્તારમાં સ્થાનિક કોંગ્રેસ પક્ષના કાર્યકરો - આગેવાનો - મુખ્ય આગેવાનો પણ પ્રતિકાત્મક બંધને સફળ બનાવવા માટે સવાર થી જ વિવિધ વિસ્તારોમાં નીકળ્યા.**
- **શાળા - કોલેજોએ પણ મોટે ભાગે શૈક્ષણીક કાર્ય બંધ રાખી, વિદ્યાર્થીઓ પ્રતિકાત્મક બંધમાં જોડાઈને મોંઘા શિક્ષણ સામે આક્રોશ વ્યક્ત કર્યો. અનેક વિસ્તારોમાં જનતાએ મોંઘવારી - બેરોજગારીની સમસ્યા અંગે ભાજપ સરકાર સામે આક્રોશ વ્યક્ત કર્યો.**
- **મોંઘવારીના માર થી પરેશાન ગુજરાતની મહિલાઓ અને બેરોજગારીનો સામનો કરતા યુવાનો ૧૦મી સપ્ટેમ્બરના પ્રતિકાત્મક બંધમાં મોટા પાયે જોડાયા. સ્વરોજગાર, લારી-ગલ્લા - રીક્ષા ચાલકો પણ મોટી સંખ્યામાં જોડાયા.**

પ્રજા વિરોધી ભાજપ સરકારના શાસનમાં જીવન-જરૂરીયાતની ચીજવસ્તુઓના ભાવ વધારાના વિરોધમાં ૧૦મી સપ્ટેમ્બરના રોજ બપોરે ૧૨વાગ્યા સુધીના રાજ્યવ્યાપી બંધમાં નાના-વેપાર, ધંધા, સ્વરોજગાર સહિતના વિવિધ વ્યાપારીઓએ જબરદસ્ત આપ્યું સમર્થન અંગે ગુજરાતની જનતાનો આભાર માનતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, રાજ્યના ૩૩ જિલ્લા, ૮ મહાનગરો, ૨૪૯ તાલુકા, ૧૫૯ થી વધુ નગરપાલિકા વિસ્તારમાં સ્થાનિક કોંગ્રેસ પક્ષના કાર્યકરો - આગેવાનો - મુખ્ય આગેવાનો પણ પ્રતિકાત્મક બંધને સફળ બનાવવા માટે સવાર થી જ વિવિધ વિસ્તારોમાં નીકળ્યા હતાં. અનેક વિસ્તારોમાં જનતાએ મોંઘવારી - બેરોજગારી સામે ભાજપ સરકાર સામે આક્રોશ વ્યક્ત કર્યો. શાળા - કોલેજોએ પણ મોટે ભાગે શૈક્ષણીક કાર્ય બંધ રાખી, વિદ્યાર્થીઓએ પ્રતિકાત્મક બંધમાં જોડાઈને મોંઘા શિક્ષણ સામે આક્રોશ વ્યકત કર્યો. મોંઘવારીના માર થી પરેશાન ગુજરાતની મહિલાઓ અને બેરોજગારીનો સામનો કરતા યુવાનો ૧૦મી સપ્ટેમ્બરના પ્રતિકાત્મક બંધમાં મોટી સંખ્યામાં જોડાયા. સ્વરોજગાર, લારી-ગલ્લા - રીક્ષા ચાલકો પણ મોટી સંખ્યામાં જોડાયા. બીજી બાજુ બંધને મળેલા જબરજસ્ત જનતા સમર્થનથી ગભરાયેલી અને બેબાકળી બનેલ ભાજપા સરકારે પોલીસનો સાથ લઈ શાંતિપૂર્વક બંધમાં જોડાયેલ વેપારીઓને ફરજીયાત દુકાન ખોલવા દબાણ કરી રહ્યાં હતાં. તેમ છતાં નાના વેપારીઓએ સ્પષ્ટ પણે તેમની સમસ્યાને વાચા આપવા કોંગ્રેસ પક્ષે આપેલ પ્રતિકાત્મક બંધને સમર્થન કરી ધંધા રોજગાર બંધ રાખીને સરકારની નીતિ સામે આક્રોશ વ્યકત કર્યો હતો.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી એ જણાવ્યું હતું કે, ગુજરાતની જનતાએ બંધને આપેલ સમર્થન એ ભાજપાની જનવિરોધી નીતિ સામેનો આક્રોશ છે. "બહુત હુઈ મહેંગાઈ કી માર" જેવા નારાથી સત્તારૂઢ થયેલી ભાજપ સરકારના રાજમાં મોંઘવારી વધી છે. ભાજપ સરકારે 27 વર્ષોમાં માત્ર મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટ્રાચારનુ કમળ ખીલવવાનુ કામ કર્યું છે. પેટ્રોલ, ડીઝલ, સીએનજી, રાંધણ ગેસ સહિત અનાજ, દાળ, લોટ, ચોખા, દહી, પનીર, મધ જેવી રોજ બરોજની આવશ્યક ચીજવસ્તુઓ પર આકરો જીએસટી ઝીંકવાથી પ્રજા મુશ્કેલીમાં મુકાઈ છે. મોંઘવારીને કાબુમાં લેવાને બદલે ભાજપ સરકાર પ્રજા પર ટેક્સનો બોજ લાદીને પોતાની તિજોરી ભરવામાં વ્યસ્ત છે એવી એકપણ વસ્તુ બચી નથી જેમાં ભાજપ સરકારે મોંઘવારીનો પ્રહાર ના કર્યો હોય. દુધ, દહી, પનીર, છાશ, લોટ જેવી ખાધ્ય પ્રદાર્થો પર જીએસટી લગાડી મોંઘવારીની આગમાં ઘી હોમી દીધુ છે. ફીક્સ પગાર - કોન્ટ્રાક્ટ પ્રથા - આઉટ સોર્સિંગ ના નામે ગુજરાતના યુવાનોનુ સુનિયોજીત રીતે ભાજપ સરકાર આર્થિક શોષણ કરી રહી છે. ભાજપ સરકારે વિચાર્યા વગર નોટબંધી અમલમાં મુકી,

ઉતાવળે જીએસટી લાગુ કરી જેના પરિણામે 2,30,000 થી વધુ લઘુઉદ્યોગો બંધ પડી ગયા, કરોડો લોકોના રોજગાર ખતમ થઈ ગયા. એકંદરે લોકો ભાજપ સરકારના રાજમાં બેરોજગારી અને મોંઘવારીનો બેવડો માર સહન કરવા મજબુર બન્યા છે. નાના લારી ગલ્લા, પાથરણાવાળા, ફેરીયાઓ, રોજીંદુ કમાતા લોકોને સમજાવટ થી પ્રતિકાત્મક બંધમાં જોડાયા. આવી કપરી પરિસ્થિતિમાં ગુજરાતના નાગરિકોનો લાગણીને વાચા આપવા કોંગ્રેસ પક્ષ દ્વારા 10 સપ્ટેમ્બરના રોજ સવારે 8-00 થી બપોરના 12-00 કલાક સુધીનું સાંકેતિક બંધ ગુજરાતના નાગરિકો, વેપાર-ધંધાર્થી, વિદ્યાર્થીઓ, મહિલાઓના જબરજસ્ત પ્રતિસાદ બદલ કોંગ્રેસ પક્ષ ગુજરાતની જનતાનો આભાર માન્યો હતો.

આજરોજ કોંગ્રેસ પક્ષ દ્વારા અપાયેલ સાંકેતિક બંધના એલાનમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ, શ્રી અમિત ચાવડા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના પૂર્વ નેતાશ્રી પરેશ ધાનાણી, એ.આઈ.સી.સી.ના મંત્રી અને ઉત્તર ગુજરાતના સંગઠન પ્રભારીશ્રી વિરેન્દ્રસિંહ રાઠોડ, રાજ્યસભાના સાંસદ ડૉ. અમીબેન યાજ્ઞિક, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ, શ્રી જીગ્નેશ મેવાણી, શ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, ધારાસભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખ, શ્રી ઈમરાન ખેડાવાલા, ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખશ્રી જેનીબેન ઠુંમર, યુવક કોંગ્રેસના પ્રમુખશ્રી હરપાલસિંહ ચુડાસમા, એન.એસ.યુ.આઈ.ના પ્રમુખશ્રી નરેન્દ્ર સોલંકી, એન.એસ.યુ.આઈ.ના રાષ્ટ્રીય સંયોજકશ્રી ભાવિક સોલંકી સહિત કોંગ્રેસ પક્ષના ધારાસભ્યશ્રીઓ, શહેર - જીલ્લા - તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રીઓ અને પ્રદેશના પદાધિકારીઓની ઠેરઠેર પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા